| | |
|---|---|
| | દાખલ તારીખ : ૨૮/૦૨/૨૦૨૪ |
| | રજીસ્ટર તારીખ : ૨૮/૦૨/૨૦૨૪ |
| | ફેસલ તારીખ : ૦૩/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ :૦૨, મહિના: ૦૧, દિવસ:૦૬ |

## ***બરવાળાના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુકામ-બરવાળા, જીલ્લો-બોટાદ***

***ફોજદારી કેસ નંબર- ૨૫૨/૨૦૨૪***

**આંક:-**

**ફરીયાદી: -** **શ્રી સ ર કા ર**

**:- વિરૂધ્ધ -:**

**આરોપી:-** રાજભાઈ કનૈયાલાલ પટેલ
ઉ.વ. ૨૨ ,
રહે. નાર્દિપુર ગામ , તાલુકો- કલોલ , જીલ્લો-ગાંધીનગર.

**ગુન્હો:- ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ),૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.એન.કાંગ્રીચા.
આરોપી તરફે વિ.વકીલશ્રી પી.એમ.રાઠોડ.

**// ચુ કા દો //**

(૧) *ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,*

આરોપીએ ગઈ તારીખ -૧૦/૧૨/૨૦૨૩ ના કલાક ૦૬/૦૦ વાગ્યા અરસામા મોજે બરવાળા ધંધુકા હાઈવે રોડ રોજીદ ગામથી આગળ ગઢીયા પેટ્રોલપંપની પાસે, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી એમ.જી.હેક્ટર કંપનીની જેના રજી નં. GJ-18-BP-8941 વાળી પુરઝડપે ગફલત ભરી રીતે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે

ચલાવી, જૈન સાધ્વી ચિંતનપુર્ણા શ્રીજી મહારાજ તથા વ્હિલચેરને ધક્કા મારનાર શુક્રમુનીદેવીને હડફેટે લેતા, સાધ્વીજી ચિંતનપુર્ણા શ્રીજી માહારાજને સારવારમાં દઈ જતા મરણ ગયેલ હોય , તેમજ સાહેદ શુક્રમુનીદેવીને માથાના ભાગે તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોચાડી, ભારતીય દંડ સાંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(એ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધાતા, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરતા તેને ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૨) સદર કામનો સમન્સ આરોપીને ધોરણસર બજેલ છે અને આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ પોલીસ તપાસનાં કાગળોની નકલો આપ્યા બાદ આંક–૦૫ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

## ::––<u>મૌખિક પુરાવા</u>––::

| <u>અનુ.નં.</u> | <u>આંક</u> | <u>સાહેદનું નામ</u> |
|---|---|---|
| ૧) | ૧૫ | સાહેદ મહેશભાઈ મણીલાલ બેલાણી ની જુબાની |
| ૨) | ૧૭ | સાહેદ જૈનમભાઈ દિનેશભાઈ શાહ ની જુબાની |
| ૩) | ૧૮ | સાહેદ હર્ષભાઈ અતુલભાઈ ગાંધી ની જુબાની |
| ૪) | ૨૦ | પંચ વિનોદભાઈ ગણેશભાઈ પનારા ની જુબાની |
| ૫) | ૨૨ | પંચ નાનજીભાઈ વેલાભાઈ પનારા ની જુબાની |
| ૬) | ૨૩ | સાહેદ નિલેશભાઈ પદમશીભાઈ બગડીયા ની જુબાની |

| | | |
|---|---|---|
| ૭) | ૨૯ | તપાસ કરનાર અમલદાર શીવરાજસિંહ ગોવિંદભાઈ સરવૈયા ની જુબાની |
| ૮) | ૩૩ | સાહેદ નયનાબેન સુરેશભાઈ શેખલીયા ની જુબાની |

## ::--<u>દસ્તાવેજી પુરાવા</u>--::

| <u>અનું.નં.</u> | <u>આંક</u> | <u>દસ્તાવેજનું વર્ણન</u> |
|---|---|---|
| ૧) | ૧૬ | એફીડેવીટ |
| ૨) | ૨૧ | પંચનામુ |
| ૩) | ૩૪ | ફરીયાદ |
| ૪) | ૩૫ | અકસ્માત રિપોર્ટ ફોર્મ |
| ૫) | ૩૬ | મેડીકલ સર્ટીફિકેટ |
| ૬) | ૩૭ | એફ.એસ.એલ. રિપોર્ટ |

**(૪)** આ સિવાય ફરીયાદપક્ષ તર્ફે અન્ય વધુ કોઈ પુરાવા રજુ ન કરાતા ફરીયદપક્ષનો પુરાવો બંધ કરી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ જેમા આરોપીએ તેઓની સામેના પુરાવાઓ નકારી પોતે નીર્દોષ હોવાનુ જણાવે છે. ત્યારબાદ બંને પક્ષે વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**(૫)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ,કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

::<u>–મુદ્દા–</u>::

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તારીખ – ૧૦/૧૨/૨૦૨૩ ના કલાક ૦૬/૦૦ વાગ્યા અરસામા મોજે બરવાળા ધંધુકા હાઈવે રોડ રોજીદ ગામથી આગળ ગઢીયા પેટ્રોલપંપની પાસે, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી એમ.જી.હેક્ટર કંપનીની જેના રજી નં. GJ–18–BP–8941 વાળી પુરઝડપે ગફલત ભરી રીતે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી, જૈન સાધ્વી ચિંતનપુર્ણા શ્રીજી મહારાજ તથા વ્હિલચેરને ધક્કા મારનાર શુક્રમુનીદેવીને હડફેટે લેતા, સાધ્વીજી ચિંતનપુર્ણા શ્રીજી માહારાજને સારવારમાં દઈ જતા મરણ ગયેલ , તેમજ સાહેદ શુક્રમુનીદેવીને માથાના ભાગે તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોચાડી, ***ભારતીય દંડ સાંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(એ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪*** મુજબનો ગુનો કરેલ છે ?

૨. **શું હુકમ ?**

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧: **નકારમાં**

મુદ્દા નંબર ૨ :**આખરી હુકમ મુજબ**.

<u>::નિર્ણયના કારણો::</u>

<u>**મુદ્દા નંબર ૧ અને ૨ અંગે:–**</u>

(૭) આ કામના આરોપી સામે **ભારતીય દંડ સંહિતા ની કલમ– ૨૭૯, ૩૦૪(અ) ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટ ની કલમ :–૧૭૭, ૧૮૪,** મુજબનાં ગુનાનું તહોમત છે. ત્યારે ફરીયાદ પક્ષે જે હકીકતો નિશંકપણે સાબીત કરવાની છે તેમાં **(૧)**

**બનાવવાળુ વાહનનાં ચાલક આ કામનાં આરોપી જ હતા,** અને **(૨) આરોપીએજ તેના કબજાનાં વાહનને બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હતો.**

(૮) આ ગુનાના કામે ફરિયાદ પક્ષ તર્ફે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ:– ૨૭૯ અન્વયે સજા પાત્ર ગુના માટે આક્ષેપ મુકવામાં આવેલ હોય, ફરિયાદ પક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ: ૨૭૯ ની જોગવાઈ તરફ ધ્યાન દોરવાનું અસ્થાને નહીં ગણાય.

**૨૭૯:– <u>જાહેર માર્ગ પર બેફામપણે હંકારવુ કે સવારી કરવી.</u>**

કોઈપણ વ્યકિત, બહુજન સમુદાયની જીંદગી ભયમાં અથવા અન્ય વ્યકિતએ વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે

**આ કલમના તત્વો નીચે મુજબ છે.**

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી,

(૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી,

(૩) જે કારણે બહુજનસમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

''આ કલમ વાહન હંકારવા વિશે તથા સવારી કરવા અંગે છે. પ્રથમ બાબત જાહેર સ્થળ છે. કોઈ ખાનગી સ્થળ હોય ત્યારે આ કલમ લાગુ પડશે નહીં. વાહન હંકારનાર કે સવારી કરનારની કેટલીક જવાબદારી છે. પોતાની બેદરકારી સાથે સામા પક્ષે પણ બેદરકારી હતી તે બચાવ બેદરકારીના કારણે થતાં ગુન્હામાં ચાલી શકે નહીં. આ કલમ માટે એ આવશ્યક નથી કે ઈજા થવી જ જોઈએ, માત્ર ભય ઉભો થાય તો પણ આ કલમ હેઠળ તેવુ કૃત્ય ગુન્હો ગણાય. બહુજન સમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય કોઈ વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય તેવુ કૃત્ય એટલે કે તેવી રીતે વાહન ચલાવવું કે સવારી કરવી તે આ કલમ હેઠળ ગુનાહીત કૃત્ય ગણાય. જેમાં બેફામપણે કે બેદરકારીપૂર્વકના આચરણનું તત્વ હોવું

જોઈએ. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક એ બંને શબ્દો ની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતા માં કરવામાં આવી નથી. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક બંને શબ્દોમાં મળતાપણું છે છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે. બેદરકારીપૂર્વક એટલે કે એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય જયારે બેફામપણે એટલે કે જયારે એક સામાન્ય વ્યકિત પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય.

According to law lexicon Negligence is the omission to do something which a reasonable man, guided upon the considerations, which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do. Negligence is not always a question of direct evidency, it is an inference to be drawn from proved facts. Negligence is not an absolute term, What may be negligence in one case may not be so in another. Where there is no duty to exercise care, negligence in the popular sense has no legal consequence. Where there is a duty to exercise care, reasonable care must be taken to avoid acts or omissions which would be reasonable foreseen to be likely to cause physical injury to persons.

It is further held by the Hon'ble High Court of Gujarat in State of Gujarat vs. Dr. Maltiben Valjibhai Shah reported in 1993(2) GLR 1600 A Rash act is primarily an overhasty act and is thus opposed to a deliberate act, but it also includes an act which,though it may be said to be deliberate, is yet done without due care and caution.

Criminal rashness is hazarding a dangerous or wanton act with the knowledge that it is so and that it may cause injury, but without intention to cause injury, or knowledge that it will probably because.

Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precaution to guard against injury either to the public generally or to an individual in particular, which the circumstances out of which the charge has arisen, it was the imperative duty of the accused person to have adopted.

આ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ: ૨૭૯ ની જોગવાઈ તેમજ લો લેકસીકનમાં ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વકની આપવામાં આવેલ વ્યાખ્યા તેમજ અગાઉ નોંધવામાં આવેલ ડો. માલતીબેન વાલજીભાઈ શાહ(સુપરા) ના ચુકાદામાં ના. ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત લક્ષમાં રાખી કોઈપણ વ્યકિતને ભારતીય દંડ સંહિતાની કલમ: ૨૭૯ અન્વયે સજા પાત્ર ગુના માટે તેનુ કૃત્ય ગફલતભરીરીતે અને બેદરકારીપૂર્વક હોવુ જરૂરી છે અને તેવા કૃત્ય માટે નહીં પણ પરિસ્થિતી, સ્થળ, સમય અને સંજોગ લક્ષમાં લેવા જરૂરી બની રહે છે અને તેથી ગીચ વસ્તી કે ભારે વાહનના અવર જવરવાળા વિસ્તારમાં કે એ રસ્તા ઉપર ૩૦ કે ૪૦ કી.મી. કે તેથી પણ ઓછુ પ્રતિ કલાક ની ઝડપથી વાહન ચલાવવુ બેદરકારીપૂર્વક કે ગફલતભરીરીતે કહી શકાય પણ સુમસામ રસ્તા ઉપર કે ટ્રાફીક વગરના રસ્તા ઉપર કે જયાં ચાર થી છ ટ્રેક વાળો રોડ હોય ત્યાં ૭૦ કે ૮૦ કી.મી. પ્રતિ કલાક કે તેથી વધુ ઝડપથી વાહન હંકારવુ બેદરકારીપૂર્વક કે ગફલતભરી રીતે કહી શકાય નહીં.

(૦૯) સદર કામે ઉપરોકત કાયદાની જોગવાઈ તથા ઉપરોકત આક્ષેપીત ગુન્હાઓ અન્વયે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાકન કરતા, મુદૃા નંબર-૧ ની સાબીતીનો બોજો ભારતીય

પુરાવા ધારાની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષ ઉપર હોય તે દૂર કરવા, ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનુ ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૩ અન્વયે ની જોગવાઈ ધ્યાને રાખી કરવામા આવતા, ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદો તથા રેકર્ડ ઉપર રજુ પુરાવાનુ મુલ્યાંકન કરતા,

(૧૦) અત્રે એ નોંધનીય છે કે, આ કામના **ફરીયાદી** નામે **સુનીતાદેવી વા/ઓ ખુમલાલ કટીચાલાલ હેમબ્રહમ** ને હાજર થવા માટે વારંવાર પ્રોસેસ કરવા છતા પણ તેઓ નામ.કોર્ટમા હાજર થતા ન હોય તથા સદરહુ ફરીયાદી ઝારખંડ રાજય ના મુળ વતની હોય અને તેઓના પ્રોસેસ વગર બજે પરત આવતા હોય તથા આ કામના સાહેદો ને પણ મૌખિક રીતે વારંવાર ફરીયાદીને હાજર રખાવવા જાણ કરવા છતા ફરીયાદી નામ.કોર્ટમા હાજર રહેલ નથી. અને સદર ફરીયાદીને કરેલ સમન્સ આંક-૧૧ થી રેકર્ડ મા રજુ રાખેલ છે.

(૧૧) ફરિયાદ પક્ષ તરફે **આંક-૧૫ થી સાહેદ મહેશભાઈ મણીલાલ બેલાણી તથા આંક-૧૭ થી સાહેદ જૈનમભાઈ દીશનેશભાઈ શાહ તથા આંક-૧૮ થી સાહેદ હર્ષ અતુલભાઈ ગાંધી તથા આંક-૨૩ થી સાહેદ નીલેશભાઈ પદમશીભાઈ બગડીચા** નો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે. ઉપરોકત તમામ સાહેદો **હોસ્ટાઈલ** છે અને જણાવે છે કે, કહેવાતા અકસ્માત નો બનાવ બનેલ ત્યારે તેઓ ઘરે હતા અને કહેવાતો બનાવ તેમને નજરે જોયેલ નથી. સદરહુ સાહેદો તેઓની ઉલટ તપાસમા એ હકીકત નો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ કોની કસુર અને કોની બેદરકારી થી બનેલ તે તેઓ જાણતા નથી.

**સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.**

આમ સદર સાહેદએ બનાવ નજરે જોયેલ ન હોય, તેઓના પુરાવાનું કોઈ વિશેષ મહત્વ રહેતુ નથી અને તેથી અત્રે વિશેષ ચર્ચા કરવી આવશ્યક જણાતુ નથી.

**આમ, બનાવ નજરે ન જોયેલ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન અન્વયે આ તબકકે**

**ભારતીય પુરાવા અધિનિયની કલમ ૬૦ ધ્યાને લેતા,**

## SECTION 60 ORAL EVIDENCE MUST BE DIRECT

Oral evidence must, in all cases, whatever, be direct; that is to say -

If it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refers to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it refers to a fact which could be perceived by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to opinions or to the grounds in which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds -

Provided that the opinion of experts expressed in any treatise commonly offered for sale, and the grounds on which such opinions are held, may be proved by the production of such treatise if the author is dead or cannot be found or has become incapable of giving evidence or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable.

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks fit, require the production of such material thing for its inspection.

આમ, સદર કલમ અન્વયે પ્રત્યક્ષ પુરાવો એ કાયદાની દૃષ્ટિએ ધ્યાને લઈ શકાય અને જે વ્યકિતએ કોઈ હકીકત પ્રત્યક્ષ અનુભવી હોય અને તે કોર્ટમા જુબાન આપે તેને પ્રત્યક્ષ પુરાવો કહેવાય ઉપરોકત સાહેદો નજરે જોનાર સાહેદો ન હોય તે કાયદાની પરિભાષા મુજબ '' **હીયર–સે વીટનેસ** '' છે અને તેઓએ સાંભળેલી હકીકત અન્વયે પુરાવો આપેલ હોય જેથી

તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે.જેથી તેઓના પુરાવાનું કોઈ વિશેષ મહત્વ રહેતુ નથી અને તેથી અત્રે વિશેષ ચર્ચા કરવી આવશ્યક જણાતુ નથી.

**(૧૨)** ત્યારબાદ, સદરહુ કેસમાં ફરીયાદપક્ષે અતિ મહત્વના આંક–૨૧ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામા ના **પંચ સાહેદો પંચ વીનોદભાઈ ગણેશભાઈ પનારા ને આંક–૨૦** થી તથા **પંચ નાનજીભાઈ વેલાભાઈ પનારા ને આંક–૨૨** થી થી તપાસતા, ઉપરકોત બન્ને પંચો ફકત પંચનામા મા પોતાની સહી પુરતુ સમર્થન આપે છે, આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. **સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી. તેમજ પંચ સાહેદોએ** આંક–૨૧ **વાળા પંચનામા ની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.**

**(૧૩)** ત્યારબાદ, ફરિયાદ પક્ષ તરફે પી.એસ.ઓ.શ્રી **નયનાબેન સુરેશભાઈ શેખલીયા ને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસતા તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે,** ગઈ તારીખ ૧૦/૧૨/૨૩ ના રોજ તેઓ બરવાળા પો.સ્ટે. પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી એ તેઓની રૂબરૂમા ફરીયાદ આપેલી અને તેમા તેઓની રૂબરૂ તરીકે સહી કરેલ જે ફરીયાદ આંક–૩૪ થી રજુ રાખેલ છે. વધુમા, ઉપરોકત સાહેદ ની બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસ મા એ હકીકતો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર ફરીયાદ નોંધ્યા સિવાય અન્ય કોઈ કામગીરી આ કામમા કરેલ નથી.

આમ, ઉપરોકત સાહેદની જુબાની પર થી એ જણાઈ આવે છે કે, હાલના કામે તેઓએ માત્ર ફરીયાદ નોંધ્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**(૧૪)** ત્યારબાદ, **આંક–૨૯ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.જી.સરવૈયા ને સોગંદ પર તપાસતા સદરહુ** તપાસ કરનાર અમલદાર શ્રી એ પોતે કરેલ તપાસ ને અનુરુપ જુબાની આપેલ છે, સદર તપાસ કરનાર અમલદાર બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ છે તથા

આરોપીને અટક કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટ મા ચાર્જશીટ કરેલ છે.

આ તબક્કે **<u>સતિષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ – ૧૯૯૬ (૯) એસ.સી.સી., ૭૬૬</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત જો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ.સુપ્રિમ કોર્ટની ડીવીઝનલ બેન્ચે ઠરાવેલ છે કે, ".......જ્યારે જજને ચોક્કસ પણે એમ લાગે કે કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરિણમશે નહિ ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુર્ણ કરવા માટે વેડફવો નહિ..

**(૧૫)** વધુમા, સદરહુ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૨૧ થી પંચનામુ તથા આંક–૩૫ થી ૩૭ થી રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા, **ઈજા પામનાર સાહેદને અકસ્માત થવાથી ઈજા થયેલ હોય તથા મરણ જનાર ને અકસ્માત થવાથી ઈજા થવાથી મરણ ગયેલ હોય તે હકીકત પ્રસ્થાપિત થાય છે પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ સદર અકસ્માત હાલના આરોપીની બેદરકારીથી બનેલો હોય તેવુ પ્રસ્થાપિત થતુ નથી.**

આ તબકકે ભારતીય પુરાવા અધિનીયમ ૧૮૭૨ ની કલમ ૨૫ વંચાણે લેતા.... તથા નામ.સુપ્રિમ કોર્ટે **સન્શપાલસીગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી** એ.આઈ.આર ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ ૪૯ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' **સામાન્ય રીતે ફોજદારી કેસમાં આરોપીઓ સામેનો ગુનો નિશંકપણે પુરવાર થવો જોઈએ. જો ગુનો જાહેર જગ્યામાં બનેલો હોય અને તે જગ્યાએ પબ્લીકના માણસોની અવરજવર હોય અને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈથી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધીકારીએ તેવા પબ્લીકના માણસોનો જવાબ લેવો જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતને સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ, અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહી '' આ સિધ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે.** વધુમા, તપાસેલ સ્વતંત્ર પંચ સાહેદો

પણ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી, જેથી કોઈ તટસ્થ ચશ્મદીદ સાક્ષી નો સમર્થન કારક પુરાવો રજુ થયેલ નથી, જેના લીધે કોર્ટને પુરાવાની નિષ્પક્ષતા અંગે શંકા કરવી સહજ બને છે. તેથી પુરાવો જોતાં આરોપી સામેના ચોકકસ પુરાવાના અભાવે ઉભી થતી શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.

**(૧૬)** વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરિયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવર બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ ડ્રાઈવીંગ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. આ બાબતમાં **નામદાર ઓરિસ્સા વડી અદાલતે '' બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૭ ક્રિમીનલ લો. જ. પેજ નં.૩૮૯** માં એમ ઠરાવેલ છે કે,

*(A) Penal Code (45 of 1860)*, ***S.279*** *- NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgment, not sufficient - Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.*

વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે, *Section* ***279, IPC*** *deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are :*

*(i) Rash and negligent driving or riding on a public way.*

*(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.*

(૧૭) ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા આપવામાં આવેલ ચૂકાદો તેમજ આ કેસની હકીકતો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદ પક્ષ ધ્વારા એ હકીકત પુરવાર કરવી પડે કે આરોપીના બેદરકારી અને નિષ્કાળજી ભર્યા ડ્રાઈવીંગ કરવાને કારણે અકસ્માત થયેલ હતો અને તે અકસ્માતના કારણે સાહેદ ને ઈજા થયેલ હોય તથા જૈન સાધ્વીજી મરણ ગયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી સાબીત થતી નથી.

આમ, રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતાં અકસ્માત થયેલ હોવાનું જણાઈ આવે છે અને અકસ્માતમા સાહેદ ને ઈજાઓ થયેલ તથા જૈન સાધ્વીજી મરણ ગયેલા નુ જણાવઈ આવે છે, પરંતુ સદર અકસ્માત આ કામનાં આરોપીની બેદરકારીને કારણે જ થયેલ હોવાની હકીકત રેકર્ડ પરનાં પુરાવાથી સ્પષ્ટ થઈ શકતી નથી. **તે સંજોગોમાં ફરીયાદપક્ષ ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ) ના તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ રીતે ફલીત થાય છે.**

(૧૮) ફરીયાદપક્ષે આરોપીઓ સામે એવો આક્ષેપ કરેલ છે કે,આ કામના આરોપીએ બનાવના દિવસે બેફામપણે અને બેદરકારીપૂર્વક કૃત્ય કરેલ અને માનવજીંદગી ભયમાં મુકાયેલી. આ સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૩૭ વંચાણે લેવામાં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ–૩૩૭ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું જરુરી છે કે,આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ, તેવા કૃત્યના કારણે માનવજીંદગી અથવા અન્યની શારરીક સલામતી ભયમાં મુકાઈ તેમજ તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને વ્યથા નિતજી. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૩૩૮ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું જરુરી છે કે,આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ, તેવા કૃત્યના કારણે માનવજીંદગી અથવા અન્યની શારરીક સલામતી ભયમાં મુકાઈ તેમજ તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને મહાવ્યથા નિપજી. જયારે ભારતીયદંડ સંહીતાની કલમ–૩૦૪(અ) મુજબ નો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે એવું પુરવાર

કરવું જરૂરી છે કે, આરોપીએ બેફામ રીતે કે બેદરકારી ભર્યું કૃત્ય કરીને ફરીયાદીના પુત્રનું મૃત્યુ નીપજાવેલ છે.

આ કામે ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા અકસ્માતમા સાહેદ ને ઈજાઓ થયેલ તથા જૈન સાધ્વીજી મરણ ગયેલા  છે અને આ અકસ્માત ફોરવ્હીલ દવારા થયેલ છે તે હકિકત છે પરંતુ સદર ફોરવ્હીલ ના ચાલક અકસ્માત સમયે આરોપીએ બેફામપણે અને બેદરકારી પુર્વક માનવની જીંદગી જોખમમા મુકાય તે રીતે વાહન હંકારી અકસ્માતમા સાહેદ ને ઈજાઓ થયેલ તથા જૈન સાધ્વીજી  નુ  મોત નીપજાવેલ હોય તેવી કોઈ સચોટ હકિકત સાહેદોની સોગંદ પરની જુબાની ધ્વારા રેકર્ડ પર આવેલ નથી. તેમજ જયારે આ કામના આરોપી સામે ભારતીય દંડ સહીતાની કલમ– ૨૭૯ મુજબના તથ્યો પુરવાર થયેલ ન હોય, જેથી હાલના કામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) મુજબનો ગુનો પુરવાર થયેલ માની શકાય નહી. આમ, આ તમામ તત્વો પુરવાર કરવામા ફરીયાદ પક્ષ સંપુર્ણપણે નિષ્ફળ નિવડેલ છે.

(૧૯) આ કામે આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ–૨૦૯ દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણની આદેશાત્મક જોગવાઈઓનું જયારે પાલન થયેલું હોય ત્યારે જ મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલનાં કેસમાં મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનું પાલન થયેલું ન હોય જેથી સદર કલમનો લાભ આરોપી ને મળવાપાત્ર હોય આરોપીને સદર મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૦) <u>આમ કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો હોય છે, જયારે આરોપીએ પોતાનો બચાવ પ્રી–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત  સુધી જ પુરવાર કરવાનો  હોય છે. જે આરોપીએ પોતાનો કેસ પુરવાર કરેલો છે, જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલો નથી. આ</u>

<u>બધી હકીકતો ને ધ્યાને લેતાં, શંકા ગમે તેટલી પ્રબળ હોય પણ તે પુરાવાનું સ્થાન લેતી નથી, તે સિધ્ધાંતને ધ્યાને લઈને અને બનાવ બાબતે વ્યાજબી શંકા ઉપજેલી હોય તેથી ભારતીય ન્યાય પ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચીત જણાય છે</u> વધુમા, બનાવ સ્થળે ઘણા બધા વાહનોની અવર જવર થાય છે, જેથી બનાવ સ્થળે આ જ આરોપીની હાજર હતી અને આજ આરોપી વાહન ચલાવતો હતો કે કેમ ? તથા આ કામે ગુન્હાઓ પુરવાર કરવાના ઉપર જણાવ્યા મુજબના કાયદેસરના તત્વો ધ્યાનમા લેતાં તથા સમગ્ર પુરાવો અને રેકર્ડ ધ્યાનમાં લેતાં, આમ આ બધા પ્રશ્નો નિ:શંક પુરવાર થતા ન હોય, ફોજદારી કાર્યરીતી સંહીતાના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષે આરોપી સામેનો ગુનો કોઈપણ જાતની શંકાથી પર સાબિત કરવાનો રહે છે. આ તમામ સંજોગો ધ્યાને લેતાં, આરોપી ધ્વારા અકસ્માતના સમયે પોતાનું વાહન બેફામ અને બેદરકારીપુર્વક હંકારવામાં આવતાં હોય તેવું પુરવાર થતું નથી અને જેથી તેવી શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે જેથી **મુદ્દા નંબર-૧ નો જવાબ ''નકાર''**માં આપવામાં આવે છે અને **મુદ્દા નંબર-૨** અંગે નીચે મુજબ **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## -:: <u>આ ખ રી હુ ક મ</u> ::-

**(૧)** આ કામના આરોપી **રાજભાઈ કનૈયાલાલ પટેલ,** ઉ.વ.૨૨, રહે. નાર્દિપુર ગામ, તાલુકો- કલોલ, જીલ્લો-ગાંધીનગર નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪** મુજબના ગુનાના તહોમત સબબ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ફોજદારી કાર્યરીતી સંહિતાની ની કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે આરોપીએ રુા. ૫૦૦૦/-

(અંકે રુપીયા પાંચ હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ– ૦૩ જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૦૩/૦૪/૨૦૨૬
સ્થળ:– બરવાળા

(**નિતેષ કિશોરભાઈ નાચરે**)
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બરવાળા, જીલ્લો–બોટાદ
Judge code GJ 01451